# અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 13 ] ગુજરાતીમાં

# Simple Past Tense

## સાદો વર્તમાનકાળ

ક્રીયાપદ વગર વાક્ય બનતું નથીઆપણે રોજ સેંકડો ક્રીયાઓ કરીએ છીએ. નીચે કેટલાક અગત્યનાં ક્રીયાપદો આપ્યા છે તે યાદ કરો.

અંગ્રેજીમાં માત્ર મુળ ક્રીયાપદ હોય ત્યારે તેની આગળ to ( ટુ ) આવે છે. વાક્યમાં એ ક્રીયાપદ વપરાય છે ત્યારે to નિકળી જાય છે.

www.shikshansahitya.in

ખાવું ( **to** ) **eat** ( ઇટ ) , પીવું ( **to** ) **drink** ( ડ્રીંક )

સૂ વુ ( **to** ) **sleep** ( સ્લીપ ), જાગવુ ( **to**) **rise** ( રાઇઝ )
ઉઠવુ

વાંચવું ( **to** ) **read** ( રીડ ), ચાલવું ( **to** ) **walk** ( વોક )

દોડવું ( **to** ) **run** ( રન ), બેસવું ( **to** ) **sit** ( સિટ )

ગાવું ( **to** ) **sing** ( સિંગ ), રડવુ ( **to** ) **cry** ( ક્રાય )

હસવું ( **to** ) **laugh** ( લાફ ), રાંધવુ ( **to** ) **cook** ( કૂક )

કપડા પહેરવા (**to**) **dress** (ડ્રેસ),રમવું (**to**) **play** (પ્લે)

કૂદવુ ( **to** ) **jump** ( જં પ), લખવું ( **to** ) **write** ( રાઈટ )

ઊભારહેવું(**to**)**stand**(સ્ટેન્ડ),વાળવુ(**to**)**sweep**(સ્વીપ)

ચૂં ટવુ (**to**) **pluck** ( પ્લક ), નાચવુ (**to**) **dance** ( ડેન્સ)

જોવું ( **to** ) **see** ( સી ) , સાંભળવુ ( **to** ) **hear** ( હીયર )

સું ઘવુ ( **to** ) **smell** ( સ્મેલ ), આવવું ( **to** ) **come** (કમ)

જવું ( **to** ) **go** ( ગો )

www.shikshansahitya.in  whatsApp  update join  9537116773  add in  your group

## ક્રીયાપદના કાળ

ક્રીયાનો સમય કાળ કહેવાય છે. " ક્રીયા " થઈ ગઈ હોય છે , થાય છે કે થવાની હોય છે. અંગ્રેજીમાં **Tense** ( ટેન્સ ) કહે છે.

આમ ક્રીયાપદના સાદા કાળ ત્રળ છે : -

**( 1 ) વર્તમાન કાળ - Present Tense :- અત્યારે થતી ક્રીયા.**

**( 2 ) ભૂતકાળ- Past Tense : - ભૂતકાળમાં થઈ ગયેલી ક્રીયા**

**( 3 ) ભવિષ્ય કાળ - Future Tense : - હવે પછી થવાની ક્રીયા.**

નીચે **Run** ( રન ) દોડવું ક્રીયાપદના સાદા વર્તમાનનાં રૂપો આપ્યા છે. તે મુજબ કોઈ પણ ક્રીયાપદનાં રૂપો થાય

એકવચનને અંગ્રેજીમાં **Singular** ( સિંગ્યુલર ) કહે છે. બહુવચનને અંગ્રેજીમાં **Plural** ( પ્લુરલ ) કહે છે.

વર્તમાન કાળ ( **to run** - દોડવું )

**એકવચન - Singular**

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ : - | **I run : -** | હું દોડુ છું. |
| બી. પુરુષ : - | **You run :-** | તું દોડે છે. |
| ત્રી. પુરુષ : - | **He runs :-** | તે ( પુરૂષ ) દોડે છે. |
| | **She runs :-** | તે ( સ્ત્રી ) દોડે છે. |
| | **It runs : -** | તે ( નાન્યતર ) દોડે છે. |

www.shikshansahitya.in

## બહુવચન - Plural

| | | |
|---|---|---|
| પ્ર. પુરુષ :- | We run : - | અમે દોડીએ છીએ. |
| બી. પુરુષ : - | You run : - | તમે દોડો છો. |
| ત્રી. પુરુષ : - | They run : - | તેઓ દોડે છે. |
| | | ( પુરૂષ , સ્ત્રી , નાન્યતર ) |

## ધ્યાનમાં રાખો : -

અંગ્રેજીમાં સાદો વર્તમાન કાળ વાપરતી વખતે વાક્યમાં **I , We , You , They** અને બહુવચનના કર્તાઓ પછી મૂળ ક્રીયાપદ ફેરફાર વગર વપરાય છે પરંતુ **He** , **She** , **It** અને **A boy , Ram** વગેરે ત્રીજા પુરૂષ એકવચનના કર્તાઓ પછી સાદોવર્તમાનકાળ વાપરતી વખતે મૂળ ક્રીયાપદને" **S** " અથવા " **es** " પ્રત્યય લગાવવો જ પડે છે.

હવે ક્રીયાપદને " **s** " ને બદલે " **es** " પ્રત્યય ક્યારે લાગે છે તે માટે નીચેના વાક્યો

**( 1 ) She misses the train every day.**
તે રોજ ગાડી ચૂકી જાય છે

**( 2 ) My sister washes clothes daily.**
મારી બહેન રોજ કપડા ધૂએ છે

**( 3 ) Mr Ram teaches English well.**
શ્રી રામ અંગ્રેજી સારું શીખવે છે.

**( 4 ) She mixes milk and tea.**
તે દૂધ અને ચા ભેળવે છે.

**( 5 ) Ramu goes to school at ten o'clock.**
રામુ દશ વાગ્યે નિશાળે જાય છે.

ઉપરના વાક્યો તપાસવાથી જણાશે કે જો ક્રીયાપદના મૂળ રૂપને છેડે **ss** , **sh**, **ch** , **x** કે **o** હોય તો ત્રીજા પુરૂષ એકવચનમાં ક્રીયાપદને " **s** " ને બદલે " **es** " પ્રત્યય લાગે છે.

જો ક્રીયાપદના મૂળ રૂપને છેડે **Y** હોય અને **Y** ની પૂર્વે વ્યંજન હોય તો **Y** નો **I** થાય છે અને પછી " **es** "પ્રત્યય લાગે છે. પરંતુ જો **Y** ની પૂર્વે સ્વર હોયતો કોઈ પણ ફેરફાર વિના માત્ર " **S** "પ્રત્યય લાગે છે.

www.shikshansahitya.in

# હવે સાદો વર્તમાનકાળ ક્યારે વપરાય છે તે માટે નીચેના વાક્યો તપાસો : -

**( 1 ) My mother gets up early in the morning.**
મારી બા સવારે વહેલી ઊઠે છે.

**( 2 ) I Come to school on a bicycle.**
હું સાયકલ પર નિશાળે આવું છું.

**( 3 ) The sun rises in the east.**
સૂર્ય પૂર્વમાં ઉગે છે

**( 4 ) The moon shines in the sky at night.**
ચંદ્ર આકાશમાં રાત્રે પ્રકાશે છે.

ઉપરના વાક્યો તપાસવાથી જણાશે કે નિયમિત રીતે અથવા રોજિંદી ટેવરૂપે બનતી ક્રીયાઓ દર્શાવવા ( જુઓ પહેલા બે વાક્યો ) અને કુદરતના નિયમ પ્રમાણે બન્યા કરતી ક્રીયાઓ દર્શાવવા ( જુઓ છેલ્લા બે વાક્યો ) સાદો વર્તમાનકાળ વપરાય છે.

( 1 ) વહેવારમાં **Thou** - તું નો ઉપયોગ થતો નથી " તું " ને બદલે " તમે - **you** " વપરાય છે.

( 2 ) હરહંમેશ બનતી ક્રીયા દર્શાવવા માટે સાદો વર્તમાનકાળ વપરાય છે , પણ બોલતી વખતે અમુક ક્રીયા ચાલુ છે એવો અર્થ દર્શાવવા ચાલુ વર્તમાનકાળ વપરાયછે.

( 3 ) ત્રીજો પુરૂષ એકવચનમાં ક્રીયાપદને " s " લાગે છે તે બરાબર યાદ રાખો.

( 4 ) જો ક્રીયાપદને **s** ,**ss** , **sh** ,**ch** , **x** , કે **o** આવે તો " s " ને બદલે " **es** " લાગે છે. જેમકે : - **go** - **goes** , **wash** - **washes.**

( 5 ) જો ક્રીયાપદને y હોય અને y ની પહેલા એક જ વ્યંજન હોય તો y નો i કરીને પછી es લગાડવો જેમકે :- **try** - **tries.**

( 6 ) સાદા વર્તમાનકાળમાં ક્રીયાપદની પૂર્વે **am** , **is** , કે **are** મુકાય નહી ; જેમકે : - હું દૂધ પીઊ છું. **I drink milk**. ( " **I am drink milk**." થાય નહી.)

( 1 ) છોકરો રમે છે.
**A boy plays.**

www.shikshansahitya.in

( 2 ) છોકરો ક્રીકેટ રમે છે.

**A boy plays cricket.**

( 3 ) છોકરો સાંજે ક્રીકેટ રમે છે.

**A boy plays cricket in the evening.**

( 4 ) ગાય દૂધ આપે છે.

**The cow gives milk.**

( 5 ) ગાય મીઠું દૂધ આપે છે.

**The cow gives sweet milk.**

( 6 ) બિલાડી પકડે છે.

**The cat catches.**

( 7 ) બિલાડી ઊંદર પકડે છે.

**The cat catches a rat.**

( 8 ) બિલાડી ભૂરો ઊંદર પકડે છે

**The cat catches a brown rat.**

( 9 ) તે ( સ્ત્રી ) ધૂએ છે

**She washes.**

( 10 ) તે કપડા ધૂએ છે

**She washes clothes.**

( 11 ) તે સફેદ કપડા ધૂએ છે

**She washes white clothes.**

( 12 ) તે ચાલે છે.

**He walks.**

( 13 ) તે પાંચ કીલોમીટર ચાલે છે.

**He walks five kilometers.**

( 14 ) તે સવારે બે કીલોમીટર ચાલે છે.

**He walks two kilometers in the morning.**

www.shikshansahitya.in

www.shikshansahitya.in